# સાબરકાંઠા, અરવલ્લીમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં લખલૂંટ ખર્ચ

## ૪૪૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ખર્ચ મર્યાદા કાગળ ઉપર : નાસ્તા, ભોજન, રાશન કીટ, દારૂની વહેંચણી સામે તંત્ર ચૂપ

બાયડ, તા.૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વિધાનસભાની ચૂંટણી જેવો માહોલ ઉભો થયો છે. ચૂંટણી જંગ જીતવા માટે ઉમેદવારો દ્વારા લખલૂંટ ખર્ચ થઈ રહ્યું છે. જિલ્લામાં ૪૪૯ ગ્રામ પંચાયતોની રસાકસીભરી બની રહેનારા ચૂંટણી જંગમાં ચૂંટણીપંચના નિયમો નેવે મૂકાયા છે. નાસ્તા, ભોજન, રાશન કીટ અને દારૂની વહેંચણી સામે તંત્ર આશ્ચર્યજનક રીતે ચૂપ બની જતાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ચૂંટણી આયોગે નક્કી કરેલા ખર્ચ કરતાં પણ વધુ ખર્ચો થઈ રહ્યો છે.

જિલ્લામાં તા.૨૨ નવેમ્બરના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાંની સાથે ગામડાઓમાં રાજકારણ ગરમાયું છે. જેમ જેમ ચૂંટણીના દિવસ નજીક આવતા જાય છે તેમ પ્રચારકાર્ય વેગવંતુ બન્યું છે.

**ફરિયાદ મળશે તો પગલાં ભરવાની તંત્રને સૂચના અપાશે : પ્રાંત અધિકારી**

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં લખલૂંટ ખર્ચો થઈ રહ્યો છે. ચૂંટણીપંચે નક્કી કરેલ રકમ કરતાં પણ વધુ નાણાંની રેલમછેલ થવા લાગી છે. બાયડ પ્રાંત અધિકારી ડૉ. વિમલભાઈ બારોટે જણાવ્યું કે વધુ ખર્ચ અંગેની ફરિયાદ મળશે તો ચૂંટણીપંચના નિયમોની અમલવારી માટે તાલુકા વિકાસ અધિકારી તેમજ સંબંધિત તંત્રને પગલાં ભરવાની સૂચના આપવામાં આવશે.

મતદારોને આકર્ષવા માટે સરપંચપદના ઉમેદવારો દ્વારા વચનોની લ્હાણી આપવાની સાથે શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવવામાં આવી રહી છે. બંને જિલ્લામાં ૪૪૯ મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયિક રીતે યોજાય તે માટે ચૂંટણીપંચ દ્વારા કેટલાક નિયમો અમલી બનાવાય છે. ખાસ કરીને મતદારોને લોભ લાલચ આપી પૈસાથી ખરીદવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે.

ઉમેદવારો લખલૂંટ ખર્ચ ન કરે તે માટે ઉમેદવાર દીઠ ૧૨ વોર્ડની ગ્રામ પંચાયતમાં સરપંચપદના ઉમેદવાર માટે રૂ. ૧૫ હજાર, ૧૩ વોર્ડથી ૨૨ વોર્ડ સુધી ૩૦ હજાર અને ૨૩ વોર્ડની ગ્રામ પંચાયતમાં સરપંચના ઉમેદવારે ૪૫ હજાર ખર્ચ નિયત કરવામાં આવ્યો છે પરંતુ કાળઝાળ મોંઘવારીમાં ઉમેદવારો ચૂંટણીપંચના નિયમોની ઐસી તૈસી કરી ધુમ ખર્ચા કરી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ચા, નાસ્તા, ભોજનની જ્યાફતો સાથે હવે પોલીસના આંખ મિચામણાં વચ્ચે દેશી-વિદેશી દારૂની લ્હાણી થવા લાગી છે. કેટલાક ઉમેદવારો દ્વારા તો મોંઘવારીમાં ઘરનું ગુજરાન મુશ્કેલ બન્યું હોવાથી મતદારોને પોતાના તરફ આકર્ષવા માટે રાશન કીટની ખાનગીમાં વહેંચણી કરી રહ્યા હોવાની પણ વાતો જાહેર થઈ રહી છે. મતદારોને પ્રલોભનો આપવાની સાથે સરપંચ પદના મૂરતિયાઓએ ચૂંટણીપંચના નિયમોને હોશિયામાં ધકેલી મત મેળવવા માટે નાણાંની કોથળી છૂટી મૂકી છે છતાં આ તમામ હકીક્તો વચ્ચે ખર્ચ મુદ્દે તંત્ર મૌન બની ગયું છે.

# માર્ચ-૨૦૨૨ના અંતમાં ચૂંટણી યોજાય તેવી ચર્ચા શરુ

### સાબરકાંઠા-અરવલ્લીમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ નેતાઓએ લોક સંપર્કો વધાર્યા : ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય કાર્યક્રમમાં પણ નેતાઓની સૂચક હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

વિધાનસભાની ચૂંટણી વર્ષ-૨૦૨૨માં યોજાવાની છે પરંતુ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને જોતાં માર્ચ-૨૦૨૨ના અંત સુધીમાં ચુંટણી યોજાય તેવી ચર્ચા શરૂ થઈ છે. ગમે ત્યારે ચૂંટણી આવી પડે તેમ માની દરેક રાજકીય પક્ષોએ ચૂંટણી જંગની તૈયારીઓ આદરી છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણીઓ અગાઉ નેતાઓએ લોક સંપર્કો વધારવા ઉપર વધુ ધ્યાન આપ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય કાર્યક્રમોમાં પણ જિલ્લા અને તાલુકાના નેતાઓની સૂચક હાજરી જોવા મળી રહી છે.

રાજકીય નેતાઓ માટે આગામી વિધાનસભાની ચૂંટણીઓ મોટા જંગ જેવી બની રહેવાની છે. ઝડપથી રાજકીય ગતિવિધિઓ બદલાતી હોવાથી કોઈપણ નેતા ઉંઘતા ઝડપાયા માટે તૈયાર ન હોવાથી ચૂંટણી લક્ષી આગોતરા આયોજનો શરૂ થઈ ગયાં છે. જિલ્લામાં કડકડતી ઠંડી છતાં દિવસ-રાત ટિકીટ વાંચ્છુકોએ લોક સંપર્ક જાળવી રાખવાનો પ્રયાસ શરૂ કર્યો છે. અગાઉની ચૂંટણીઓમાં પ્રજાના મતે ચૂંટાઈને જિલ્લા અને તાલુકાની સીટ ઉપર બેઠેલા નેતાઓએ વચનો પૂરાં કર્યાં ન હોવાથી કેટલાક નેતાઓ પોતાના મત વિસ્તારમાં જતાં ખચકાટ અનુભવતા જોવા મળી રહ્યા છે પરંતુ પક્ષના આદેશની અવગણના કોઈનેય પોષાય તેમ ન હોવાથી મોટા ભાગે અદ્રશ્ય રહેતા જિલ્લાના સદસ્યો હવે પ્રજામાં દેખાવા લાગ્યા છે. જિલ્લામાં અત્યાર સુધી જે તે પક્ષોના પાયાના કાર્યકરોની કોઈપણ કારણોસર અવગણના થઈ રહી હતી પરંતુ હવે જિલ્લા અને તાલુકાના નેતાઓ નાના કાર્યકરો સાથે હસીને વાત કરતા જોવા મળી રહ્યા છે. ટૂંકમાં ચૂંટણી આવશે ત્યારે આવશે પરંતુ હાલ તો જિલ્લામાં નેતાઓએ લોક સંપર્કો વધારી પક્ષ માટે વોટ બેન્ક મજબૂત કરવાના પ્રયાસો જરૂર શરૂ કરી દીધા છે.

# જિલ્લામાં બોર્ડ પરીક્ષા નજીક છતાં આચાર્યની ૧૪૦ જગ્યાઓ ખાલી

### વર્ષ-૨૦૧૯ પછી ભરતી અદ્ધરતાલ, અનેક શાળાઓમાં વર્ષમાં ૩૦ થી વધુ આચાર્ય નિવૃત્ત

બાયડ, તા. ૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓમાં આચાર્યની ૧૪૦ થી વધુ જગાઓ ખાલી છે. માર્ચ-૨૦૨૨માં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા યોજાવવાની છે તે પહેલાં શાળાઓમાં આચાર્યની ભરતી કરવાની સંચાલકો દ્વારા માંગ થઈ રહી છે. વર્ષ-૨૦૧૯ પછી ભરતી અદ્ધરતાલ અને ત્યાર પછીના ૨ વર્ષમાં શાળાઓના ૩૦ થી વધુ આચાર્ય નિવૃત્ત થતાં આચાર્યની જગાઓ વધી રહી છે.

શાળાઓમાં આચાર્ય શૈક્ષણિક સંકુલના મુખ્ય આધારસ્તંભ હોય છે પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગની અનેક નબળાઈઓના કારણે વર્ષો સુધી શાળાઓમાં ઈન્ચાર્જ આચાર્યના સહારે વહીવટ ચલાવવાની નોબત આવી. ધો.૧૦-૧૨ માં નબળાં પરિણામ આવે એટલે શાળાઓને નોટિસ આપી ૩૦ ટકાથી ઓછું પરિણામ હોય તેવી શાળાઓ માટે ગ્રાન્ટ કાપ સહિતના ઉચિત પગલાં ભરાય પરંતુ જ્યાં જવાબદાર આચાર્યની નિયુક્તિ થઈ જ ન હોય ત્યાં ઈન્ચાર્જ આચાર્ય કેવી રીતે કામગીરી કરી શકે ?? તેમ છતાં જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, ઈડર , વિજયનગર, પોશીના, માલપુર, મેઘરજ સહિતના વિસ્તારોમાં અનેક ઈન્ચાર્જ આચાર્યોએ નેત્રદિપક કામગીરી કરી શાળાઓને યોગ્ય સુકાન પુરૂ પાડ્યું છે. આચાર્ય બનવાની લાયકાત માટે એચ.મેટ પરીક્ષા ફરજીયાત બનાવી છે છતાં કાંટાળો તાજ હોવાથી મોટાભાગના શિક્ષક આચાર્ય બનવાથી દૂર ભાગી રહ્યા છે. વર્ષ-૨૦૧૯માં આચાર્યની છેલ્લી ભરતી થયા પછી વિભાગ ભરતી કરવાનું ભૂલ્યું છે અને પાછલા વર્ષમાં અનેક આચાર્યો નિવૃત્ત થયા પછી જિલ્લામાં હાલની સ્થિતિએ ૧૪૦ થી વધુ આચાર્યોની જગ્યાઓ હાઈસ્કુલોમાં ખાલી હોવાથી બોર્ડની પરીક્ષા પણ ફરી એકવાર ઈન્ચાર્જ આચર્ય માટે શિરદર્દી બનીને રહે તેવી દહેશત ઉભી થઈ છે.

સાબરકાંઠામાં ૯૦ થી વધુ આચાર્યની જગા ખાલી...

સાબરકાંઠા ડી.ઈ.ઓ. ડૉ. એસ.કે. વ્યાસનો સંપર્ક કરતાં જણાવ્યું કે જિલ્લાના ૮ તાલુકામાં ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓમાં ૯૦ થી વધુ આચાર્યની જગા ખાલી છે. વર્ષ-૨૦૧૯ પછી આચાર્યની ભરતી થઈ નથી અને વર્ષ દરમ્યાન વયમર્યાદાના કારણે કેટલાક આચાર્ય નિવૃત્ત થયા છે.

# લગ્નના અવસર પૂરા : કમુરતાંમાં દવાખાનાના આંટાફેરા વધવાની સંભાવના...

### જિલ્લામાં લગ્નસરાના અવસર ઉપર કમૂહર્તના કારણે બ્રેક વાગી, કોરોના સંક્રમણ અને વાયરલ ફીવરની બિમારી વકરવાની દહેશત

જિલ્લામાં પાછલા દોઢ મહિના દરમ્યાન ૧૨૦૦થી વધુ લગ્નસરાના અવસર યોજાયા. કોરોના સંપૂર્ણપણે ભૂલાયો હોય



તેવી સ્થિતિ લગ્ન મંડપ અને ભોજન સમારંભોમાં જોવા મળી. કમૂહર્તામાં દવાખાનાના આંટાફેરા વધવાની સંભાવના વધુ છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણ ધરાવતા દર્દીઓ સામે આવી રહ્યા છે. જ્યારે વાયરલ બિમારીએ માથું ઉચક્યું છે.

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાએ ફરી એક્વાર ઓમિક્રોન નવા વેરિએન્ટના કારણે તમામ દેશોને ચિંતામાં મૂકી દીધા છે. ગુજરાતમાં કોરોનાના નવા વેરિએન્ટનો પગપેસારો સૌરાષ્ટ્ર પછી સુરત સુધી જોવા મળ્યો. લગ્નસરાના અવસરમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં અનેક સબંધીઓ લગ્નમાં ઉમટ્યા હતા. રખેને તેમાંથી કોઈ કોરોના સંક્રમિત હશે તો કોરોનાનું સંક્રમણ સમગ્ર જિલ્લામાં ત્રીજી લહેર નોંતરે તેવી સંભાવના છે. જિલ્લામાં પાછલા દોઢ મહિના દરમ્યાન ૧૨૦૦થી વધુ લગ્નો યોજાયા. લગ્નસરાના અવસર દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું એવી રીતે ભૂલાયું કે પ્રજાને ૨૧ મહિના સુધી રંજાડનાર કોરોનાને ભૂલાયો. સ્થિતિ એ છે કે લગ્નના અવસર પછી અનેક લોકો બિમારી પડી રહ્યા છે. આજથી મૂહર્ત શરૂ થાય છે અને ૧૫ જાન્યુઆરીથી ફરીથી લગ્નસરાની સીઝન પૂરબહાર ખીલશે. પરંતુ લગ્નનો સમય પૂરો થયા પછી કમૂહર્તામાં દવાખાનાં-હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ જાય તેવી પૂરેપૂરી સંભાવના કેટલાક ખાનગી તબીબોએ વ્યક્ત કરી છે.

## વિધિના નામે દાહોદના દંપતિને છેતરનારા ૩ મદારી ઝડપાયા

માલપુર તાલુકાના નાથાવાસના જંગલમાં દાહોદના મોડાહેડા ગામના દંપતિને વિશ્વાસમાં લઈ દાગીના અને રોકડ રકમ ૧૦ ગણા કરવાની લાલચ આપી વિધિના નામે ૪૩.૫૭ લાખની છેતરપીંડી કરવામાં આવતાં માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. જે અંતર્ગત અરવલ્લી એલ.સી.બી.ની ટીમે તપાસ શરૂ કરી છેતરપીંડી આચરનારા મેઘરજના ૩ મદારી બંધુઓ પૈકી ૧ રાજસ્થાન અને ૨ આરોપીને મેઘરજથી દબોચી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત ૨,૩૭,૮૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં મહારાષ્ટ્રનાં નોનયુઝ વાહનોનો પગપેસારો : પર્યાવરણ સામે જોખમ ઉભુ થયું

### મહારાષ્ટ્ર પાર્સિંગના જૂના વાહનોની વધતી સંખ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

મહારાષ્ટ્રમાં નોનયુઝ થયેલાં ફોરવ્હીલર વાહનોનો સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પગપેસારો શરૂ થયો છે. છેલ્લા ગણા સમયથી મહારાષ્ટ્ર પાર્સિંગના જૂના વાહનોની સંખ્યા જિલ્લામાં વધતી જતી હોવાથી પર્યાવરણ સામે પણ મોટો ખતરો ઉભો થયો છે. જિલ્લામાં નોનયુઝ વાહનો ધકેલવાનું દલાલોએ નેટવર્ક ગોઠવ્યું હોય તેમ કિલોમીટર મર્યાદા વટાવી ગયેલાં અને ધુમાડા આંકતાં મહારાષ્ટ્ર પાર્સિંગનાં વાહનોની સંખ્યા અનેક ગણી વધવા પામી છે.

નવાં ફોરવ્હીલર વાહનોની કિંમતો વધવાની સાથે ડીઝલ અને પેટ્રોલના ભાવ સતત વધતા હોવાથી નવી કાર વસાવવાનું સ્વપ્ન દિવસે દિવસે દુષ્કર બનવા લાગતાં જિલ્લામાં જૂનાં વાહનોની ખરીદી વધવા પામી છે. છેલ્લા ગણા સમયથી ચોક્કસ દલાલ ટોળકી સક્રીય થઈ હોય તેમ મહારાષ્ટ્રમાંથી નોનયુઝ જાહેર કરાયેલાં વાહનો લાવી ગ્રાહકોને પધરાવવામાં આવી રહ્યાં છે. જિલ્લામાં મહારાષ્ટ્રનાં નોનયુઝ વાહનોનો પગપેસારો શરૂ થયો હોય તેમ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મહારાષ્ટ્ર પાર્સિંગની કારો રોજ વધી રહી છે.

જિલ્લામાં પહેલેથી જ ધુમાડા આંકતાં વાહનોના કારણે પર્યાવરણને માઠું નુકસાન પહોંચેલું જ છે ત્યાં આવાં વાહનોની સંખ્યા વધવા લાગતાં પર્યાવરણ સામે પણ મોટું જોખમ ઉભું થવા પામ્યું છે. જિલ્લામાં ચોક્કસ દલાલો સક્રીય થયા પછી ઓછી કિંમતે મહારાષ્ટ્ર પાર્સિંગનાં નોનયુઝ વાહનો ખરીદી જિલ્લામાં કાર ખરીદનારાઓને આ પ્રકારના વાહનો પધરાવી દેવાતાં હોય છે જેથી મહારાષ્ટ્ર પાર્સિંગનાં વાહનોની સંખ્યા અનેક ગણી વધી છે. મહારાષ્ટ્ર સરકારે પર્યાવરણ અને સલામતીને ધ્યાને રાખી અસંખ્ય વાહનો નોનયુઝ જાહેર કર્યા પછી આ પ્રકારનાં વાહનો ત્યાં ચલાવી શકાય તેમ ન હોવાથી કાર માલિકો વાહનો વેચવા મજબૂર બન્યા છે અને તેનો ફાયદો ચોક્કસ દલાલોએ ઉઠાવી લેતાં જિલ્લામાં મહારાષ્ટ્રનાં નોનયુઝ વાહનોની સંખ્યા રોજ વધતી જાય છે.

# અરવલ્લી જીલ્લામાં મતદાન કેન્દ્રની અંદર તથા ૧૦૦ મીટરના ત્રિજ્યામાં અમુક કૃત્યો કરવા પર પ્રતિબંધ

બાયડ તા.૧૬

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર -૨૦૨૧નો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજનાર છે. અને તે ગ્રામ પંચાયતનું મતદાન તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સાવરના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજનાર છે. તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ અથવા તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ હાથ ધરાનાર છે. સદર ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદારો મુક્ત અને ન્યાયી રીતે મતદાન કરી શકે તથા મતદાન પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે જરૂરી હોઈ તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તથા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન કેન્દ્રની અંદર તથા તેની ૧૦૦ મીટરના અંતરમાં (ત્રિજ્યામાં ) અમુક કૃત્યો કરવા ઉપર અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ ની કલમ - ૧૪૪ થી મળેલ સત્તાની રૂએ જીલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ મતદાન કેન્દ્રો ઉપર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં તા.૧૯ ડિસેમ્બર ૨૧ના રોજ ૦૦ કલાકથી સાંજના ૧૯ કલાક સુધી તેમજ જો પુનઃ મતદાન કરવાની જરૂર પડે તો જે તે મતદાન કેન્દ્રો ઉપર ૨૦ ડિસેમ્બર ના ૦૦ કલાક્થી સાંજના ૧૯ કલાક સુધી નીચે મુજબના મનાઈ હુકમો ફરમાવાયા.

૧.મત માટે પ્રચાર કરવા પર. ૨.મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર. ૩.કોઈ મતદારોને મત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરવા પર. ૪.કોઈપણ અમુક ઉમેદવારોને મત ન આપવા કોઈ મતદારોને સમજાવવા પર. ૫.કોઈ મતદારોને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા પર. ૬.ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નીશી પ્રદર્શિત કરવા પર. ૭.મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કાર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/ વોકીટોકી સેટ અને નય વીજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર. ૮.વાહનો સાથે આવવા પર. ૯.મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર,ઉમેદવાર તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવા પર. ૧૦.ગ્રામ પંચાયત ચૂંટણી પક્ષના પ્રતીકો કે ઉમેદવારોના પ્રતીકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર. ૧૧.એક ઉમેદવારના એકથી વધારે મતદાન એજન્ટોને મતદાન ઉપર હાજર રહેવા પર. ૧૨.કોઈપણ પક્ષના ચિહ્નવાળી સ્લીપો વહેંચવા પર. તેમજ આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસે મોબાઈલ ફોન, કાર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ જેવા સાધન મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી સાધનો જપ્ત કરી શકશે. હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ -૧૮૮ જોગવાઈઓ મુજબની સજાપાત્ર થશે.

# ઉત્તર ગુજરાતમાં માંડ ધમધમતા થયેલા પ્રવાસનધામમાં ઓમિક્રોનની આફત

### બહારથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો

બાયડ, તા.૧૬

ઉત્તર ગુજરાતમાં દિપાવલીના તહેવાર પછી માંડ ધમધમતા થયેલા પ્રવાસન ધામોમાં કોરીનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની આફત જોવા મળી. બહારથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં હમણાંથી ઘટાડો થયો છે. કોરીનાનું સંક્રમણ ઘટતાં ૫ જિલ્લાના પર્યટક સ્થળો પ્રવાસીઓથી ઉભરાઈ રહ્યાં હતાં પરંતુ હવે ઓમિક્રોનની આફતના ઓછાયા સ્પષ્ટ જોવા મળી રહ્યા છે જેના કારણે સ્થાનિક વેપારીઓને પણ ફટકો પડી શકે છે.

કાળમુખો કોરીના માંડ ભૂલાયો હતો ત્યાં ઉત્તર ગુજરાતના મહેસાણા સહિતના કેટલાક જિલ્લાઓમાં ફરીથી કોરોનાનું સંક્રમણ હાવિ થતું જા જોવા મળી રહ્યું છે. આરોગ્ય વિભાગ સંક્રમણ ઉપર અંકુશ મુકવા માટે ઉધા માથે થયું છે ત્યાં હવે નવા ઓમિક્રોન વેરિએન્ટની દહેશત વ્યક્ત થઈ છે. સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કના પાલન ફરીથી જરૂરી બની ગયું છે.



વર્ષ-૨૦૨૦ પછી ૨૦૨૧માં પણ કોરોના હજુય હાજરી પુરાવી રહ્યો છે જેના કારણે તેની સીધી અસર હવે પ્રવાસન સ્થળો ઉપર જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પ્રસિદ્ધ પ્રવાસનધામ દિપાવલી બાદ પ્રવાસીઓથી ધમધમતાં થતાં સ્થાનિક ધંધા-રોજગારોને નવું જોમ મળ્યું. માંડ પ્રવાસન ઉદ્યોગ બેઠો થયો હતો ત્યાં હવે ઓમિક્રોનની દહેશતના કારણે ફરીથી સન્નાટાની સ્થિતિ છે. કોરોનાના નવા વેરિએન્ટે ચિંતા વધારી હોવાથી સાબરકાંઠાની વિજયનગરની પોળો, ઈડરીયો ગઢ, સપ્તેશ્વર, અરવલ્લી યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિર, બાયડ તાલુકાનું ઝાંઝરી, પાટણની રાણકી વાવ, સિદ્ધપુર મહાલય, મોઢેરા સૂર્ય મંદિર, બનાસકાંઠાના જેસોર રીંછ અભ્યારણ, બાલારામ, વડનગર કિર્તી તોરણ સહિતના પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની હાજરીમાં ઓચિંતો ઘટાડો નોંધાયો છે. ઓમિક્રોનની દહેશત ઉપરાંત ગ્રામ પંચાયતની ચૂંટણીઓનો મહાસંગ્રામ તેમજ લગ્નસરાની સીઝનની સીધી અસર પ્રવાસન સ્થળો ઉપર જોવા મળે છે. ભીડ એકત્ર થતી હોય તેવા સ્થળે સંક્રમણ અટકાવવું મુશ્કેલ છે તેવી ચેતવણી સરકાર દ્વારા આપવામાં આવી હોવાના કારણે આરોગ્ય વિભાગની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી મોટાભાગના પ્રવાસીઓ હવે હરવા ફરવા જવા ઉપર સ્વયં પાબંધી લગાવી રહ્યા છે. ઉત્તર ગુજરાતના મોટાભાગના પ્રવાસન સ્થળોએ હાલ પ્રવાસીઓની સંખ્યા જૂજ પ્રમાણમાં જોવા મળતાં ઓમિક્રોનની આફતના ઓછાયા દેખાઈ રહ્યા છે.